જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.16-17* Issue : 490, 05th September - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦



## ભારતને આધુનિક રાષ્ટ્ર બનાવવામાં રાજીવ ગાંધીનું યોગદાન અમૂલ્ય

સ્પેસ પ્રોગ્રામ અને ચંદ્રયાન

"હમ અદાની કે હૈં કૌન ?"

મનની શાંતિ ક્યારેય ના ગુમાવશો !


જન્માષ્ટમી પર્વ
ની ખૂબ ખૂબ શુભકામનાઓ...
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

**સંપાદક અને પ્રકાશક**
વિજય દવે

**સહ સંપાદક**
ડૉ. મનિષ દોશી


RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૬-૧૭**
**સળંગ અંક : ૪૯૦**
**5, September - 2023**



**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com


**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**


**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.


# પ્રમુખશ્રીનો સંદેશ



સૌ પ્રથમ તો ગુજરાત કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારી મહામંત્રી શ્રી મુકુલ વાસનિકજીને હૃદયપૂર્વક આવકાર. મને વિશ્વાસ છે કે, વાસનિકજીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં તાલુકા, જિલ્લા અને રાજ્યસ્તરે કોંગ્રેસ સંગઠન વધુ સુદ્રઢ અને મજબૂત બનશે.

તાજેતરમાં ગુજરાત સરકારે ઓબીસી માટે ૨૭ ટકા અનામતની જે જાહેરાત કરી છે તે વાસ્તવમાં કોંગ્રેસની લાંબાસમયથી ચાલતી લડતની ફલશ્રુતી છે અને ગુજરાતની ભાજપ સરકારે આખરે કોંગ્રેસની લડત સામે ઝૂકવું પડ્યું છે.

ભાજપ સરકારના રાજમાં જનતા મોંઘવારીથી ત્રાહિમામ્ છે. છેલ્લા સાડા નવ વર્ષથી રૂ.૪૦૦નો એલ.પી.જી. સિલિન્ડર રૂ.૧૧૦૦માં વેચીને ભાજપ સરકાર સામાન્ય માનવીની જિંદગી તબાહ કરતી રહી છે અને હવે જ્યારે પાંચ રાજ્યો અને લોકસભાની ચુંટણી માથા પર છે ત્યારે ગેસ સિલિન્ડરના ભાવ રૂ. ૨૦૦ ઘટાડીને ભાજપ સરકારે ભોળી પ્રજાને ભરમાવવાની કોશિશ કરી છે, પરંતુ ભાજપ તેમાં સફળ નહીં થાય.

ભાજપ સરકાર ભયમુક્ત ભ્રષ્ટાચાર આચરી રહી છે. ગુજરાત સરકારે વર્ષો સુધી અદાણી ગ્રૂપને ફાયદો પહોંચાડ્યો છે. કોલસાની ખરીદીમાં અદાણીને રૂ.૩૯૦૦ કરોડ વધુ ચુકવ્યાનો પર્દાફાશ કરતા દસ્તાવેજી પુરાવા હવે સામે આવ્યા છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા આ મામલે કરવામાં આવી રહેલા પોકળ ખુલાસા ગળે ઉતરે તેવા નથી. અદાણીને માલામાલ કરવા માટે ગુજરાતની જનતાની તિજોરીની ખુલ્લી લૂંટ ભાજપના શાસનમાં ચાલી રહી છે.

ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ બદલ દેશવાસીઓને ગૌરવ અપાવનાર ઈસરોના તમામ વૈજ્ઞાનિકોને વિશેષ અભિનંદન. ભવિષ્યમાં અંતરિક્ષ સંશોધનની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને દેશના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ ૧૯૬૨માં INCOSPAR ની સ્થાપના કરી હતી. આ નહેરુજીની દૂરંદર્શિતાનું પરિણામ છે કે આજે ભારત સમગ્ર વિશ્વમાં અંતરિક્ષ સંશોધન ક્ષેત્રે નવા કિર્તીમાન સ્થાપિત કરી રહ્યું છે.

૩૧ ઓગસ્ટે કોંગ્રેસના દિગ્ગજ નેતા, પૂર્વ રાષ્ટ્રપતિ અને ભારતરત્ન શ્રદ્ધેય પ્રણવ મુખરજીની પુણ્યતિથિ હતી. પ્રણવ'દાને શત્ શત્ નમન સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ. ૫ સપ્ટેમ્બરે પૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ અને શિક્ષક દિનની સૌ દેશવાસીઓને શુભેચ્છાઓ. ૧૫ સપ્ટેમ્બરે મહિલા કોંગ્રેસના સ્થાપના દિવસ નિમિત્તે કોંગ્રેસના તમામ મહિલા નેતાઓ અને કાર્યકરોને હાર્દિક શુભકામનાઓ. ૧૯ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીની શુભકામનાઓ અને જૈન સમુદાયના પર્વ સંવત્સરીની ક્ષમાપના સાથે સૌને મિચ્છામી દુક્કડમ્.

જય જય ગરવી ગુજરાત...



**શક્તિસિંહ ગોહીલ**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. **- નવલકથાકાર જોનગ્રિશમ**

# કાર્ટૂન કાફે...


- સં. પાર્થિવરાજસિંહ કઠવાડિયા















- મહેન્દ્ર પટેલ

# સ્પેસ પ્રોગ્રામ અને ચંદ્રયાન

**આપણે ચંદ્ર બાદ મંગળ અને શુક્ર ગ્રહની યાત્રા કરવાની ક્ષમતા ધરાવીએ છીએ, ફક્ત વૈજ્ઞાનિકોનો આત્મવિશ્વાસ વધારવાની અને વધારે રોકાણની જરૂર છે, આપણે વર્ષમાં ફક્ત ૧.૯૩ અબજ ડોલર ખર્ચીએ છીએ, જ્યારે અમેરિકા ૬૧.૯૭ અબજ ડોલર સ્પેસ ટેક્નોલોજી માટે ખર્ચે છે**


**હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા,**
**શકટનો ભાર જેમ શ્વાન તાણે.**

**૨૦૧૪** પહેલાં ભારતમાં કંઈ જ હતું નહીં, અમારા શાસન ૯ વર્ષમાં અમે બધો જ વિકાસ કર્યો છે તેવી વાતો કરતાં પહેલાં ૧૯૪૭ થી ૨૦૧૪ સુધી સ્પેસ ટેક્નોલોજી વિશે શું કરવામાં આવ્યું તે વિચારવા જેવું, જાણવા જેવું છે. ફક્ત ફોટોજીવી થવાથી, પ્રચારના બણગાં ફૂંકવાથી, બીજાઓને ઉતારી પાડવાથી દેશ ઊંચો આવતો નથી. તેના માટે નક્કર પગલાં લઈ તેને અમલમાં મૂકવાની દીર્ઘદૃષ્ટિ જોઈએ.

૧૯૪૫ પછી ડૉ.વિક્રમ સારાભાઈએ ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીની સ્થાપના અમદાવાદમાં કરી હતી. જ્યારે હોમીભાભાએ ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચની સ્થાપના કરી હતી, ૧૯૫૦માં ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી (DAE)ની સ્થાપના થઈ હતી, જેના સેક્રેટરી તરીકે હોમી ભાભાની નિમણૂંક થઈ હતી. ૧૯૫૪માં આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓબ્ઝર્વેશનલ સાયન્સિઝ (ARIES)ની સ્થાપના થઈ. ઓસ્માનીયા યુનિવર્સિટી, હૈદ્રાબાદમાં ૧૯૫૭માં રંગપુર ઓબ્ઝર્વેટરીની સ્થાપના ભારત સરકારની પ્રેરણાથી થઈ. ૧૯૫૭માં સોવિયેટ યુનિયને સ્પુટનિક-૧ને લોન્ચ કરી બીજા દેશોને સ્પેસમાં સેટેલાઈટને લોન્ચ કરવાની પ્રેરણા આપી.

૧૯૬૨માં નહેરુજીએ ધ ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ (INCOSPAR)ની સ્થાપના ડૉ.વિક્રમ સારાભાઈના સૂચનથી કરી. ૧૫, ઑગસ્ટ-૧૯૬૯ના દિવસે ભૂ.પૂ.વડાપ્રધાન ઈંદિરાજીએ INCOSPARને બદલીને ઈસરોમાં સ્પેસ પ્રોગ્રામનો વિસ્તાર વધારીને આગળ ધપાવ્યું હતું.

૧૯૬૨માં નહેરુજીએ INCOSPARની સ્થાપના કરી ત્યારે INCOSPAR માટે કોઈ જૂદું પ્રધાનમંડળમાં ખાતું ન હતું. તે સમયે સ્પેસ ટેક્નોલોજીનો સમાવેશ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જીમાં કરવામાં આવ્યો હતો. રોકેટ બનાવવા માટે તે સમયે ઈન્ડિયન ઓર્ડનન્સ ફેક્ટરીમાંથી



ઓફિસરો લાવવામાં આવ્યા હતા. IOS ફેક્ટરીના ઓફિસર એસ.જી.એસ. મૂર્તિને થુંબા ઈક્વેટોરિયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશનના પ્રથમ ડિરેક્ટર બનાવાયા હતા.

૧૯૬૭ પછી સ્વદેશી રોકેટને ડેવલપ કરવામાં આવ્યું હતું. વામન દત્તાત્રેય પટવર્ધને રોકેટનું પ્રોપલન્ટ ડેવલપ કર્યું હતું. ૧૯૭૨માં સ્પેસ કમિશન અને ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ (DOS)ની રચના ૨૨ાઈ હતી. ઈસરોને ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસમાં મૂકવામાં આવ્યું. અત્યારે જે

સ્પેસ પ્રોગ્રામ આપણે જોઈ રહ્યા છીએ તે તેની દેન છે. ત્યારબાદ ભારત સોવિએટ સ્પેસ કો-ઓપરેશન માટે ઈન્ટરકોસમોસ સાથે જોડાયું અને આર્યભટ્ટ સેટેલાઈટને સૌથી પહેલો સોવિએટ રોકેટથી ભ્રમણકક્ષામાં મૂક્યો. રોકેટ ટેક્નોલોજી માટે લૉ-અર્થ ઓર્બિટમાં ૩૫ કિલો વજન લઈ જવાનો ઉપગ્રહ મૂકવા વ્હીકલ બનાવ્યું. ત્યારબાદ ઈસરોને ૪૦ કિલો વજનનો ઉપગ્રહ લઈ જવા માટેનું વ્હીકલ બનાવતા ૭ વર્ષ લાગ્યા. રોકેટ લોન્ચ કરવા માટે એસએલવી લોન્ચ પેડ, ગ્રાઉન્ડ સ્ટેશન, ટ્રેકિંગ નેટવર્ક, રડાર અને કમ્યુનિકેશનની વ્યવસ્થા કરવામાં આવી. ૧૯૭૯માં પહેલા એસએલવી એ રોહિણી ટેક્નોલોજી પે-લૉડ તરતો મૂક્યો, પણ તે સેટેલાઈટને જે ભ્રમણકક્ષામાં મૂકવો હતો ત્યાં મૂકી શકાયો નહીં.

**વડા પ્રધાનના કહેવા પ્રમાણે તેમને ૨૦૨૪માં સત્તા સોંપવામાં આવે તો તે તેમના કાર્યકાળમાં ૫ ટ્રીલીયન ડોલરની ઈકોનોમી કરી દેશે. તેમણે દેખાડેલા સ્વપ્નાં કદી સાચા ઠરવાના નથી**

ત્યારબાદ ૧૯૮૦માં રોહિણી-૧ સેટેલાઈટને ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યો. આમ આપણે અર્થ ઓર્બિટમાં પહોંચનારા સાતમો દેશ બન્યા હતા. સોવિએટ યુનિયન, અમેરિકા, ફ્રાન્સ, યુ.કે., જાપાન અને ચાઈના પછી આપણે સેટેલાઈટને અર્થ ઓર્બિટમાં મૂકનાર સાતમો દેશ બન્યા હતા. ભાસ્કરને ૬૦૦ કિલો વજન વહન કરનાર મીડીયમ લિફ્ટ લોન્ચ વ્હીકલથી ભ્રમણકક્ષામાં મુકવામાં આવ્યો હતો. ૧૯૮૫માં લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ સેન્ટર (LPSC)ની રચના કરવામાં આવી. બે વર્ષ પછી લિક્વિડ ફ્યુઅલ રોકેટ એન્જિનને ડેવલપ કરવામાં આવ્યું. ૧૯૯૦માં PSLV દ્વારા સ્પેસ પ્રોગ્રામમાં આગળ વધવાથી બીજા દેશોના ઘણા સેટેલાઈટ આપણે ભ્રમણકક્ષામાં મોકલી શક્યા. ત્યારબાદ GSLV અને ૧૯૯૪માં ક્રાયોજેનિક એન્જિન ટેક્નોલોજીના એન્જિન ભારતીય વૈજ્ઞાનિકોએ બનાવ્યા.

૧૯૯૪ પછી ભારત દ્વારા બનાવેલા PSLV સેટેલાઈટ લોન્ચર આપી દુનિયામાં લોકપ્રિય થયા છે. PSLVએ ૩૩ દેશો પાસેથી નાણાં લઈને ૨૯૦થી વધારે સેટેલાઈટ લોન્ચ કર્યાં છે. આ ઉપરાંત અત્યાર સુધી ભારત ૩૪ દેશોના ૪૩૧ સેટેલાઈટ લોન્ચ કરી ચૂક્યું છે.

૨૦૦૩માં ચાઈનાએ માનવને સ્પેસમાં મોકલ્યો. ત્યાર બાદ આપણે ચંદ્રમિશન અંગે વિચારતા થયા. ઈસરોએ ૨૦૦૮માં ચંદ્રયાન-૧ દ્વારા ચંદ્ર પર પાણી છે કે નહીં તે તપાસ્યું, ચંદ્રની સપાટીનું નિરીક્ષણ કર્યુ, તસ્વીરો લીધી અને ચંદ્ર વિશેની વધુ સચોટ વૈજ્ઞાનિક માહિતી એકઠી કરી. ચંદ્રયાન-૧નો ખર્ચ ફક્ત રૂ.૩૮૦ કરોડ થયો હતો. ત્યારબાદ ચંદ્રયાન-૨ નિષ્ફળ ગયું. જ્યારે તાજેતરમાં ચંદ્રયાન-૩ રૂ.૬૧૫ કરોડના ખર્ચે લેન્ડર અને રોવર દ્વારા ચંદ્ર તથા તેની સપાટીનો સંપૂર્ણ અભ્યાસ કરશે.

હવે ઈસરો સોલર મિશન આદિત્ય-એલ-૧ને તા.૨ સપ્ટેમ્બરે લોન્ચ કરી રહ્યું છે. આ યાન પૃથ્વીથી સૂરજના ૧૫ લાખ કિ.મી.નું અંતર ૧૨૭ દિવસમાં પસાર કરી લેગ્રેજીયન પોઈન્ટ પર ગોઠવાશે. તે સૂરજના સૌથી બહારના વાતાવરણ તેમજ સપાટીનો અભ્યાસ કરશે. લોગ્રાન્ગ પોઈન્ટની વિશિષ્ટતા એ છે કે આ પોઈન્ટ પર સૂર્ય અને પથ્વી બંનેનું ગુરુત્વાકર્ષણ બળ એક સમાન થઈ જાય છે. આપણે ચંદ્ર બાદ મંગળ અને શુક્ર ગ્રહની યાત્રા કરવાની ક્ષમતા ધરાવીએ છીએ. ફક્ત વૈજ્ઞાનિકોનો આત્મવિશ્વાસ વધારવાની અને વધારે રોકાણની જરૂર છે. આપણે વર્ષમાં ફક્ત ૧.૯૩ અબજ ડોલર ખર્ચીએ છીએ, જ્યારે અમેરિકા ૬૧.૯૭ અબજ ડોલર સ્પેસ ટેક્નોલોજી માટે ખર્ચે છે.

**વિકાસના બણગાં :** વિવિધ આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ ભારતના વિકાસ દરનો અંદાજ સતત ઘટાડતા રહેવાનો ક્રમ ચાલુ રાખ્યો છે. અગાઉ ભારતીય રિઝર્વ બેન્કે પણ વિકાસ દરનો અંદાજ ઘટાડ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર સંઘે ભારતના વૃદ્ધિ દરનો અંદાજ નવેસરથી ઘટાડીને જાહેર કર્યો હતો. અગાઉ ૨૦૧૯થી ૨૦૨૧ના સમયગાળા દરમ્યાન ભારતનો વિકાસ દર ઘટીને સરેરાશ

૪.૫ ટકા થઈ ગયો હતો, જે છેલ્લા દાયકામાં સૌથી ઓછો હતો. ૨૦૧૮-૧૯માં વિકાસ દર ૬.૮ ટકા હતો. તે વખતના એટલા ઊંચા વિકાસ દરનું કારણ એ હતું કે નોટબંધી પછી નાગરિકોના પૈસા બજારમાં થોડા સમય માટે ફરતા થયા હતા.

નાણાં મંત્રાલયના રિપોર્ટમાં જણાવ્યાનુસાર હજુ કેટલાક મહિનાઓ સુધી દેશમાં ફુગાવાજન્ય દબાણો ચાલુ રહેશે. શાકભાજી, અનાજ, કઠોળ, મસાલાના ભાવ વધારાના કારણે જુલાઈનો રિટેલ ફુગાવો ૭.૪ ટકા રહ્યો હતો. વર્તમાન નાણાં વર્ષ માટે રિઝર્વ બેન્કે તેના ફુગાવાના અંદાજમાં વધારો કર્યો છે.

આ સામે દેશમાં માથું ઊંચકી રહેલા ફુગાવાથી જીડીપીનું ગણિત ખોરવાઈ જવાનું જોખમ ઊભું થયું છે. રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીએ તેની ઓગસ્ટ બેઠકમાં વર્તમાન નાણાં વર્ષ માટેના ફુગાવાના અંદાજમાં વધારો કરવાની ફરજ પડી છે. જ્યારે આર્થિક વિકાસ દરની ધારણા રાખવામાં આવી છે.

વર્તમાન નાણાં વર્ષનો ફુગાવાનો અંદાજ જે અગાઉ ૫.૧૦ ટકા મૂકાયો હતો તે વધારી ૫.૪૦ ટકા કરાયો છે. ફુગાવાને નિયંત્રણમાં લાવવાની કામગીરી હજુ પૂરી થઈ નથી એમ રિઝર્વ બેન્ક જણાવે છે. મે માં ફુગાવો ઘટી ૪.૩૦ ટકા થયા બાદ જુલાઈનો ફુગાવો ૭.૪૦ ટકા સાથે પંદર મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો છે. જે રિઝર્વ બેન્કની ૬ ટકાની મહત્તમ મર્યાદા કરતાં ફુગાવો ઘણો ઊંચો છે. ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળા સુધી રિટેલ ફુગાવો પાંચ ટકાની ઉપર રહેવાની આરબીઆઈની ધારણા છે. રિઝર્વ બેન્કે આર્થિક વિકાસ દરના ૬.૫૦ ટકાના પોતાના અંદાજને જાળવી રાખ્યો છે. જો આર્થિક વિકાસ દર ૬.૫૦ ટકા જેટલો જ રહે તો ભારત પાંચ ટ્રિલિયન ડોલર્સ ઈકોનોમી કેટલા વર્ષે બની શકે ?

મનમોહનસિંહની સરકારના ૨૦૦૫ થી ૨૦૧૪ના દસ વર્ષ દરમ્યાન ભારતનો સરાસરી આર્થિક વૃદ્ધિદર ૬.૮ ટકા હતો. જ્યારે મોદી સરકારની તે પછીના નવ વર્ષની કામગીરી દરમ્યાન ભારતનો સરાસરી આર્થિક વિકાસ દર ૫.૭ ટકા હતો. દેશની મજબૂતાઈ માત્ર જીડીપી પર નહીં પરંતુ સરાસરી વ્યક્તિદીઠ આવક પર આધાર રાખે છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડની છેલ્લી માહિતી મુજબ અમેરિકાની રાષ્ટ્રીય આવક ૨૬.૮ ટ્રિલિયન ડોલર્સ છે. તે પછી ચીન ૧૯.૪ ટ્રિલિયન ડોલર્સ, જાપાન ૪.૪ ટ્રિલિયન ડોલર્સ, જર્મની ૪.૩ ટ્રિલિયન ડોલર્સ અને તે પછી પાંચમા ક્રમે ભારતની રાષ્ટ્રીય આવક ૩.૭ ટ્રિલિયન ડોલર્સ છે. જ્યારે તેની સામે વિશ્વના દેશોની કુલ રાષ્ટ્રીય આવક કરતાં વ્યક્તિદીઠ સરાસરી આવકના આંકડા જોતાં ભારતની સ્થિતિ કરૂણ દશ્ય રજૂ કરે છે.

આઈએફએમના છેલ્લા અહેવાલ મુજબ અમેરિકાની સરાસરી માથાદીઠ આવક ૮૦૦૩૪ ડોલર્સ, રશિયાની ૧૪૪૦૩ ડોલર્સ, ચીનની ૧૩૭૨૧ ડોલર્સ, કેનેડાની ૫૨૭૭૨ ડોલર્સ, યુકેની ૪૬૩૭૧ ડોલર્સ, ફ્રાન્સની ૪૪૪૦૮ ડોલર્સ, જર્મની ૫૧૩૮૩ ડોલર્સ, ઈટાલી ૩૬૮૧ ડોલર્સ, શ્રીલંકાની ૩૩૬૨ ડોલર્સ અને ભૂતાનની ૩૪૯૭ ડોલર્સ છે. જ્યારે ભારતની સરાસરી માથાદીઠ આવક ૨૬૦૧ ડોલર્સ છે. વડા પ્રધાનના કહેવા પ્રમાણે તેમને ૨૦૨૪માં સત્તા સોંપવામાં આવે તો તે તેમના કાર્યકાળમાં ૫ ટ્રિલિયનડોલરની ઈકોનોમી કરી દેશે. તેમણે દેખાડેલા સ્વપ્નાં સાચા ઠરે તો (જે કદી સાચા ઠરવાના નથી) અમેરિકા અને ચીનના અર્થકારણ પછી જીડીપીની દષ્ટિએ સૌથી મોટું ત્રીજું અર્થકારણ બનાવી દેશે તો પણ ભારતની ૧૪૦ કરોડની વસ્તીને કારણે સરાસરી માથાદીઠ વાર્ષિક આવક ૩૫૦૦ ડોલર્સ પર પહોંચી શકશે નહીં. (વસ્તી વધારો થશે) ક્યાં અમેરિકાની ૮૦૦૩૪ ડોલર્સ માથાદીઠ આવક અને ભારતની ધારણા બાંધેલા ૩૫૦૦ ડોલર્સની માથાદીઠ આવક ? ધરતી પર પગ મૂકી ભાજપનાં નેતાઓએ બણગાં ફૂંકવા જોઈએ.

નવ વર્ષમાં ભારત કઈ રીતે બદલાઈ ગયું છે. તેનો હિસાબ-સાચા આંકડાઓથી ભાજપે આપવો જોઈએ. ભારતમાં ક્યા લોકો સમૃદ્ધ થયા અને કોના માટે અર્થવ્યવસ્થા મજબૂત થઈ તેનો હિસાબ આપી ભારતીયોની માથાદીઠ સરાસરી આવક નવ વર્ષમાં કેટલી વધી ? ફુગાવો કેટલો વધ્યો, આજના નાગરિકની વાસ્તવિક આવક શું ? તે આંકડા જણાવવા જોઈએ. ■

# "હમ અદાની કે હૈં કૌન ?"


# હરિયાણામાંથી વીજળી ગેરકાયદે ગુજરાતના ગ્રાહકોની જરૂરિયાતના સપ્લાય માટે મુંદ્રા ડાઈવર્ટ કરાઈ હતી ?

## ડિસેમ્બર-૨૦૨૨ની ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતના મતદારોને ખુશ કરવા માટે આવું કરવામાં આવ્યું હતું, શું એ વાત સાચી છે કે, હરિયાણાએ ગુજરાતને સપ્લાય કરવામાં આવેલ વીજળીની કિંમત ચૂકવી હતી ?

**(પ્રકરણ-૯)**

પ્ર.૮૭ : આઈ.ઓ.સી.માં સરકાર સંચાલિત એલ.આઈ.સી. રૂ.૯૪૦૦ કરોડના મૂલ્યની ૮.૩ ટકા હિસ્સેદારી સાથે એક મુખ્ય શેરધારક છે અને અદાણી પોર્ટસ તેમજ એસ.ઈ.ઝેડ.માં આ રૂ. ૧૧૩૦ કરોડના મૂલ્યની ૯.૧ ટકા હિસ્સેદારી સાથે પણ એક મુખ્ય શેરધારક છે. સરકારી શેરધારકો દ્વારા નિર્ધારિત માપદંડો અનુસાર યોગ્ય તપાસ કેમ થતી નથી? આઈ.ઓ.સી. શેરધારકોના હિતોના રક્ષણની દેખરેખ કોણ કરી રહ્યું છે ? કે પછી આ લૂંટ તમારી ઉદાર નજર અને બંધાયેલા હાથને કારણે જારી છે ?

પ્ર.૮૮ : અદાણી એન્ટરપ્રાઈઝિસ એફ.પી.ઓ.ના આધારભૂત રોકાણકારોમાં એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા (રૂ.૨૯૯ કરોડની બીડ), સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા એમ્પ્લોઈઝ પેન્શન ફંડ (રૂ.૯૯ કરોડની બીડ), અને એસ.બી.આઈ. લાઈફ ઈન્સ્યોરન્સ કંપની (રૂ.૧૨૫ કરોડની બીડ) વગેરે સામેલ હતા. જાહેર માલિકીની આ સંસ્થાઓએ એ હકીકત હોવા છતાં એફ.પી.ઓ.માં ભાગ લીધો હતો કે તેના ઈસ્યૂ મૂલ્યની તુલનાએ બજારભાવ ઘણો નીચે ગગડી ગયો હતો અને એલ.આઈ.સી. તેમજ એસ.બી.આઈ. બંનેની પાસે પહેલેથી જ અદાણી ગ્રૂપની ઈક્વિટીનો એક મોટો ભાગ હતો. શું એલ.આઈ.સી. અને એસ.બી.આઈ.ને કરોડો ભારતીયોની બચતનું ફરી એકવાર અદાણી ગ્રૂપને ઉગારવા માટે રોકાણ કરવાની સૂચનાઓ જારી કરવામાં આવી હતી ?




પ્ર.૮૯ : અદાણી ગ્રૂપના શેરોમાં સતત વેચવાલીને કારણે ૩૧, ડિસેમ્બર-૨૦૨૨થી ગ્રૂપમાં એલ.આઈ.સી.ના શેરોની કિંમતમાં આશ્ચર્યજનક રીતે રૂ.૫૨૦૦૦ કરોડનો ઘટાડો થયો છે. તેનું મૂલ્ય હવે

માત્ર રૂ.૩૨૦૦૦ કરોડ રહી ગયું છે અને એલ. આઇ.સી. તેમજ તેના કરોડો પોલીસીધારકો દ્વારા જે નફો થયો હતો તે આપણે સૌ જાણીએ છીએ કે શેરબજારમાં હેરાફેરી અને મની-લોન્ડરિંગને કારણે તે બધો નફો સાફ થઈ ગયો છે અને એલ. આઇ.સી. એક ખૂબ જ મોટું નુકસાન થયું છે. કોણે ભારતની નાણાકીય પ્રણાલિના આ સ્તંભને તમારા પ્રીતિપાત્ર બિઝનેસમેન માટે આટલા જોખમ ભરેલા સોદામાં સામેલ થવા માટે ફરજ પાડી છે ? ભારતના નાગરિકોની બચત સાથે જે ચેડાં કરવામાં આવ્યા છે તે બદલ આપને ક્યારે જવાબદાર ઠેરવવામાં આવશે ?

પ્ર.૯૦ : અદાણી ગ્રૂપ દ્વારા છેતરપિંડી અને ગોટાળાના પર્દાફાશના લગભગ એક મહિના બાદ બેંક ઓફ બરોડાના સી.ઇ.ઓ.એ જણાવ્યું છે કે બેંક અદાણી ગ્રૂપને નાણાં ઉધાર આપવાનું જારી રાખશે. આ નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે ગીરવે રાખવામાં આવેલ શેર તરીકે અદાણીનું મૂલ્ય અડધા કરતા વધુ ગગડી ગયું છે અને માર્જિન કોલને કારણે વૈશ્વિક કરદાતા પુનઃ ચૂકવણીને લઈને ચિંતિત હતા. સાથે જ ગ્રૂપની સેવા આપવાની અને જંગી લોન ચૂકવવાની ક્ષમતા અંગે પણ કેટલાય સવાલો ઊભા થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, બેંક ઓફ બરોડા જાહેર ક્ષેત્રની એક મુખ્ય બેંક છે જેની માલિકી વડા પ્રધાન મોદી કે તેના સી.ઇ.ઓ. પાસે નથી પરંતુ ભારતના લોકો પાસે છે. શું આ તમારી સરકારના ફોન બેન્કિંગનો આ એક કેસ હતો ? શું એ વાત સાચી છે કે, સી.ઇ.ઓ.ને પાછળથી ૬, માર્ચ-૨૦૨૩ના રોજ એક ઐતિહાસિક દક્ષિણ ભારતીય સ્થળ પર સંસદ સભ્યો દ્વારા પોતાના નિવેદનને સ્પષ્ટ કરવા જણાવાયું હતું અને જો આવું હોય તો શું તમે ભારતના લોકો સમક્ષ તેમનો જવાબ શેર કરશો ?

પ્ર.૯૧ : અદાણી ગ્રૂપ વિરુદ્ધ ખુલ્લેઆમ શેરમાં હેરાફેરીના ગંભીર આરોપ છે. આ આરોપોનો જાહેરમાં પર્દાફાશ થયા બાદ લિસ્ટેડ શેરોની કિંમતમાં ઘટાડાના કારણે એવા લાખો રિટેલ રોકાણકારોને નાણાકીય રીતે નુકસાન પહોંચ્યું છે, જેમણે કૃત્રિમ રીતે વધેલા ભાવ પર અદાણી ગ્રૂપના શેરોમાં રોકાણ કર્યું હતું. ૨૪, જાન્યુઆરી અને ૬, ફેબ્રુઆરી-૨૦૨૩ વચ્ચે અદાણી ગ્રૂપના શેરોના ભાવમાં રૂ.૯,૫૦,૦૦૦ સુધીનો ઘટાડો થયો છે. ૧૯, જુલાઈ-૨૦૨૧ના રોજ નાણાં મંત્રાલયે સંસદમાં એકરાર કર્યો હતો કે અદાણી ગ્રૂપ સેબીના નિયમોનો ભંગ કરવા બદલ તપાસના દાયરામાં છે. તેમ છતાં ત્યાર બાદ પણ અદાણી ગ્રૂપના શેરોની કિંમતમાં ઉછાળો આવવા દીધો હતો. ત્યારે સેબીને આ ગંભીર ભૂલ અને રિટેલ બચતનો નાશ કરવાની મંજૂરી આપવા માટે જવાબદાર ઠેરવવામાં આવશે ? શું મોદી સરકારે સેબી પર તપાસ ધીમી પાડી દેવા દબાણ કર્યું હતું ?

પ્ર.૯૨ : સપ્ટેમ્બર-૨૦૨૨માં વ્યાપક રીતે ઉપયોગમાં લેવાતા નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટી-૫૦ ઈન્ડેક્સમાં અદાણી એન્ટરપ્રાઈઝિસનું સામેલ થવું વિવાદાસ્પદ સાબિત થયું છે. તેમાં શંકાસ્પદ પ્રાથમિક સિદ્ધાંત હતાં. વધુમાં વધુ કિંમતથી આવકનો રેશિયો અને એક નાનકડો ફ્રિ-સ્લોટ. અદાણી એન્ટરપ્રાઈઝિસે નિફ્ટી ઈન્ડેક્સ ફંડને આ જોખમ ભરેલા શેરની ખરીદી કરવા માટે ફરજ પાડી હતી, જેમાં એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન ફંડનો સમાવેશ થતો હતો જે ભારતનું સૌથી મોટું પેન્શન ફંડ છે. તાજેતરમાં વૈશ્વિક શેર ઈન્ડેક્સના મામલાની તપાસ દરમિયાન અદાણી ગ્રૂપની કંપનીઓને સસ્પેન્ડ કરી દેવાઈ છે, પરંતુ એન.એસ.ઇ.ના રોકાણકારોની સુરક્ષા માટે આવી કોઈ કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેલ છે. શું સખત કાર્યવાહી કરીને રોકાણકારોની સુરક્ષા કરવી એ સેબીની જવાબદારી નથી બનતી ? શું એન.એસ.ઇ. અને સેબી પર અદાણીને ઉગારવાના પ્રયાસમાં હળવાશ દાખવવા માટે વડા પ્રધાન કાર્યાલયનું દબાણ છે ?

પ્ર.૯૩ : આજે જ્યારે એમ.એસ.સી.આઇ., એસ. એન્ડ પી. ડાઉજોન્સ અને એફ.ટી.એસ.ઇ. રસેલ જેવી મુખ્ય માર્કેટ ઈન્ડેક્સ પ્રોવાઈડર કંપનીઓ અદાણી ગ્રૂપની કંપનીઓના વેઈટેજની સમીક્ષા કરી રહી છે ત્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (એન.એસ.ઇ.) રોકાણકારોની સુરક્ષા માટે કોઇ ગંભીર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યું છે. તેનાથી વિપરીત એન. એસ.ઇ.એ ૧૭, ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ જાહેરાત કરી હતી કે, **(અનુસંધાન પાન ૧૨ પર)**






















ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારી શ્રી મુકુલ વાસનિકજીના ભવ્ય સ્વાગત માટે બાઈક રેલી.

**(હમ અદાની કે હૈં કૌન પાન ૯થી ચાલુ)**

વર્તમાનમાં શેરબજારમાં ડૂબી રહેલી અદાણી ગ્રૂપની કંપનીઓમાંથી ૫ થી ૧૪ ઈન્ડેક્સમાં સામેલ કરવામાં આવશે. તેનાથી કેટલાંય નાણાંકીય સલાહકારોએ પોતાના ગ્રાહકોને આ ફંડોમાં રોકાણ નહીં કરવાની સલાહ આપી છે, જેઓ એ ઈન્ડેક્સનો બેન્ચમાર્ક તરીકે ઉપયોગ કરે છે, પરંતુ લાખોની સહાય રોકાણકારો પર હજુ પણ તેમની પરસેવાની કમાણીમાંથી અદાણી ગ્રૂપની આ ડૂબી રહેલી કંપનીઓને ઉગારવા માટે ફરજ પાડવાનો ખતરો તોળાઈ રહ્યો છે. શું તમે તમારાં નિકટના મિત્રને આ સંકટમાંથી ઉગારવા માટે એન.એસ.ઈ. પર દબાણ લાવી રહ્યા છો ? સેબીને એ સુનિશ્ચિત કરવા માટે કાર્યવાહી કરવાની મંજૂરી કેમ આપવામાં આવતી નથી કે લાખો રોકાણકારો સાથે એક ડૂબતા બિઝનેસ ગ્રૂપમાં રોકાણ કરાવીને તેમની સાથે છેતરપિંડી ન થાય ?

પ્ર.૯૪ : એન.એસ.ઈ.એ એવી જાહેરાત કરી હતી કે અદાણી એન્ટરપ્રાઈઝિસ, અદાણી પાવર અને અદાણી વિલ્મર ૧૭, માર્ચ-૨૦૨૩થી વધારાના સર્વેક્ષણમાંથી બહાર નીકળી જશે, જે રોકાણકારોને વધુ પડતા જોખમથી બચાવવા માટે ઊભું કરવામાં આવ્યું હતું. આ ટાઈમિંગ ચોક્કસપણે માત્ર યોગાનુયોગ નથી. સેબી પણ એન.એસ.ઈ.ની જેમ લાખો નાના રોકાણકારોને બદલે અદાણી ગ્રૂપના હિતોનું રક્ષણ કરવા માટે કેમ ઊભી છે ? સેબી ઈન્ડેક્સ ઈન્વેસ્ટરને અદાણી ગ્રૂપના શેરોમાં વધુ જોખમ લેવાની મંજૂરી કેમ આપી રહી છે કે જ્યારે નાણાકીય સલાહકારો પોતાના ગ્રાહકોને અદાણી ગ્રૂપના શેરોમાં રોકાણ કરવાથી બચવાની સલાહ આપી રહ્યાં છે ?

પ્ર.૯૫ : ફેબ્રુઆરી-૨૦૨૦માં અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈએ એશિયાઈ રોકાણકારો પાસેથી એક અબજ અમેરિકન ડોલર (રૂ.૭૨૦૦ કરોડ)ની વિદેશી લોન મેળવી હતી જેમાં ચીની સંસ્થાઓ પણ સામેલ હોઈ શકે છે. સિનિયર સિક્યોર્ડ નોટ્સને સિંગાપુર સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટેડ કરવામાં આવી હતી. આ 'ડેટ ઈસ્યૂ'ને કહેવાતી રીતે કડક શરતોનો સ્વીકાર કરીને કંપનીની સંપૂર્ણ ઈક્વિટી મૂડીને ગીરવે રાખી દેવામાં આવી હતી જેનાથી આ એશિયાઈ બોન્ડધારકોને કંપનીની સ્થાવર અને જંગમ મિલકતો, બુકડેટ, ઓપરેટિંગ કેશ ફ્લો, પ્રાપ્ય અને વર્તમાન તેમજ ભવિષ્યનાં રેવન્યૂ પર પ્રથમ દાવો પ્રાપ્ત થયો હતો. આ કરદાતાઓ પાસે અદાણી ઈલેક્ટ્રિસિટીના ટ્રાન્સમિશન અને વિતરણ લાઈસન્સનો પણ અધિકાર છે જે મહારાષ્ટ્ર ઈલેક્ટ્રિસિટી દ્વારા આપવામાં આવેલ છે. અદાણી ગ્રૂપનાં નાણાકીય દબાણોને જોતાં સરકાર એ સુનિશ્ચિત કરવા માટે શું ઉપાયો કરી રહી છે કે ડિફોલ્ટની સ્થિતિમાં મુંબઈનું વીજ વિતરણ વિદેશી ધીરધારોના હાથમાં ચાલ્યું ન જાય, ખાસ કરીને જેઓ ચીની સરકાર સાથે સંકળાયેલા છે ? જો મુંબઈના બે તૃતિયાંશ ઘરોને વીજળીનો સપ્લાય કરનાર અદાણી ઈલેક્ટ્રિસિટી આ મોંઘી ફોરેન એક્સચેન્જ લોનની પુનઃ ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો મુંબઈના વીજ પુરવઠાનું શું થશે ?

પ્ર.૯૬ : ગુજરાત રાજ્ય સરકારે એક લેખિત જવાબમાં એકરાર કર્યો છે કે, અદાણી પાવર પાસેથી ખરીદેલી વીજળીની સરેરાશ કિંમત જાન્યુઆરી-૨૦૨૧માં પ્રતિ યુનિટ રૂ.૨.૮૨ હતી તે હવે ૧૦૨ ટકા વધીને ડિસેમ્બર-૨૦૨૨માં પ્રતિ યુનિટ રૂ.૮.૮૨ થઈ ગઈ છે. અદાણી પાવરને વીજળી માટે ચૂકવવામાં આવેલ કુલ રકમ ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૧માં રૂ.૨૭૬૦ કરોડ હતી તે વધીને ૨૦૨૨માં રૂ.૫૪૦૦ કરોડ કરી દેવામાં આવી છે. ગુજરાત સરકારે ૫, ડિસેમ્બર-૨૦૧૮ના રોજ અદાણી પાવર સાથે વીજળી ખરીદી કરારમાં સુધારો કર્યા બાદ આ શક્ય બન્યું છે કે જેનાથી અદાણીને ઈમ્પોર્ટેડ કોલસાની કિંમતના સંદર્ભમાં વધુ અનુકૂળ શરતો પ્રાપ્ત થઈ છે. સમગ્ર દેશ જાણે છે કે, ગુજરાત કોણ ચલાવે છે ? શું તમે ગુજરાતના વીજ ગ્રાહકો અને કરદાતાઓનાં ભોગે તમારા પ્રીતિપાત્ર બિઝનેસમેનને એક વધુ ભેટ આપવા માટે તમારી સત્તાનો ઉપયોગ કર્યો છે ?

પ્ર.૯૭ : ૯, જુલાઈ-૨૦૧૮ના કેગના રિપોર્ટમાં એવું જાહેર થયું હતું કે, અદાણી ગ્રૂપ જુલાઈ-૨૦૧૨ અને ફેબ્રુઆરી-૨૦૧૬ વચ્ચે તામિલનાડુ જનરેશન એન્ડ ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન (ટી.એ.એન.જી.ઈ.ડી. સી.ઓ.) દ્વારા જારી ક્ષતિયુક્ત કોલસા આયાત ટેન્ડર્સનું મુખ્ય લાભાર્થી રહ્યું છે. આ ટેન્ડર્સની

તપાસ કરનાર કેગને જણાયું છે કે, ટી.એ. એન.જી.ઈ.ડી.સી.ઓ.એ ટેન્ડર માટે સ્પર્ધા માત્ર ચાર બિડર્સ પૂરતી મર્યાદિત રાખી હતી. તેનાથી એક ખોટી મૂલ્ય નિર્ધારણ પદ્ધતિને પણ અપનાવવામાં આવી હતી જેના કારણે અન્ય વીજ ઉપયોગીતાની તુલનાએ તેને વધુ કિંમત ચૂકવવી પડી હતી. સાથે જ અગાઉ જેમની સાથે કોન્ટ્રેક્ટ કરાયો હતો તેની તુલનાએ તેને ઓછી ગુણવત્તાવાળા કોલસા માટે વધુ પેમેન્ટ કરવું પડ્યું હતું. કેગે જણાવ્યું છે કે સિંગાપુર સ્થિત અદાણી ગ્લોબલ અને અન્ય બે કંપનીઓની કુલ ઈમ્પોર્ટ વેલ્યૂ રૂ.૮૮૮૪.૪૪ કરોડ હતી જેનો ૬૬ ટકા ભાગ તેને પ્રાપ્ત થયો હતો. ચેન્નાઈ સ્થિત એન.જી.ઓ. અરાપોર ઈયાક્કમનું અનુમાન છે કે, અદાણીને કુલ ૧૧.૯ મિલિયન મેટ્રિકટનનાં ઓર્ડરમાંથી ૪૯ ટકા હિસ્સો મળ્યો હતો અને અદાણી ગ્રૂપને ૩૬૩ મિલિયન ડોલર (રૂ.૩૦૦૦ કરોડ)નો વધારાનો નફો થયો હતો. તત્કાલીન અન્નાદ્રમુક સરકાર પર તમારો વ્યક્તિગત પ્રભાવ કોઇનાથી છૂપો નથી. શું તમે આ મામલામાં તામિલનાડુના કરદાતાઓના ભોગે તમારા સાથીઓને વધુ એક લાભ કમાવવામાં મદદ કરવા માટે કોઇ ભૂમિકા ભજવી હતી ?

પ્ર.૯૮ : મુંદ્રામાં ૮૬૨૦ મેગાવોટની ક્ષમતાવાળા ૧૪ થર્મલ પાવર પ્લાન્ટ છે જેમાંથી ૯ પાવર પ્લાન્ટ અદાણીના છે, જેના દ્વારા ૪૬૨૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થાય છે. ૨૨, સપ્ટેમ્બર-૨૦૨૨ના રોજ ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયેલા એક કેગ રિપોર્ટ દ્વારા એવું જાણવા મળ્યું છે કે રાજ્ય સરકારે અદાણી ગ્રૂપ દ્વારા પર્યાવરણના નિયમોની જે ઉપેક્ષા કરી હતી તેની સામે આંખ આડા કાન કર્યા હતાં. અદાણી પાવરે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની (જી.પી. સી.બી.) મંજૂરી વગર ૨૦૧૪-૧૫ અને ૨૦૧૮-૧૯ વચ્ચે નીચાણવાળા વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે ૧૫.૪૨ લાખ ટન ઝેરી ફ્લાય એશને ડંપ કરી હતી. તેણે આ ઝેરી ઉત્પાદનના સાઇકલ અંગે ખોટી માહિતી આપી હતી અને આ બાબતમાં દેખરેખ રાખવા માટે કોઈ ઓનલાઈન મોનિટરિંગ સિસ્ટમ ન હતી, જે કેન્દ્રીય વીજ મંત્રાલય દ્વારા જણાવ્યા મુજબ જરૂરી હોય છે. કેગે જણાવ્યું હતું કે મંજૂરી વગર ફ્લાય એશને નીચાણવાળા વિસ્તારોમાં ડંપ કરીને અને તેના ૧૦૦ ટકા ઉપયોગનો ખોટો રિપોર્ટ આપવા બદલ જી.પી.સી.બી.એ એ.પી. એલ. વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરી ન હતી. અદાણી ગ્રૂપ વિરુદ્ધ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કેમ કરવામાં આવી નહીં ? કોણે વીજ મંત્રાલય અને જી.પી.સી.બી.ને આ પ્રકારના ઘોર ઉલ્લંઘન બદલ કાર્યવાહી કરતા રોક્યા હતા ? શું ગુજરાતી ગ્રામીણો અને માછીમારો કે જેમના આરોગ્ય અને આજીવિકાને મોટાપાયે ફ્લાય એશ પ્રદૂષણથી નુકસાન થયું છે તેની તુલનાએ તમને તમારા માનીતા ગ્રૂપના નફાની આટલી બધી કેમ ચિંતા છે ?

પ્ર.૯૯ : અદાણી પાવર ડિસેમ્બર-૨૦૨૦થી પોતાની જવાબદારીમાંથી પીછેહઠ કરીને હરિયાણાને વીજ પૂરવઠામાં કાપ મૂકી રહી છે. (જે અમે ૪, માર્ચ-૨૦૨૩ના રોજ એચ.એ.એચ.કે.માં જણાવ્યું હતું) હવે ખબર પડી છે કે, હરિયાણામાંથી વીજળી ગેરકાયદેસર ગુજરાતના ગ્રાહકોની જરૂરિયાતના સપ્લાય માટે મુંદ્રા ડાઈવર્ટ કરવામાં આવી છે. ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશને જણાવ્યું છે કે, એપ્રિલ અને ડિસેમ્બર-૨૦૨૨ દરમિયાન મુંદ્રા-મહેન્દ્રગઢ હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ લાઇન પર ૧૭૯૦.૨૫ મિલિયન યુનિટ વીજળી વિપરીત દિશામાં પ્રવાહિત થઈ હતી અને ખાસ કરીને હરિયાણા સતત વીજળી કાપનો સામનો કરી રહ્યું હતું ત્યારે ગુજરાતમાં વીજળી ડાઈવર્ટ કરી દેવામાં આવી હતી. એવું જણાય છે કે ડિસેમ્બર-૨૦૨૨ની ગુજરાત રાજ્ય વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતના મતદારોને ખુશ કરવા માટે આવું કરવામાં આવ્યું હતું. શું એ વાત સાચી છે કે, હરિયાણાએ ગુજરાતને સપ્લાય કરવામાં આવેલ વીજળીની કિંમત ચૂકવી હતી ? શું તમે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (સી.ઇ.આર. સી.) પર દબાણ લાવી રહ્યા હતા કે તે તમારા મૂડીપતિ મિત્રો દ્વારા લાંબા સમયથી કરવામાં આવી રહેલા પાવર પરચેઝ એગ્રિમેન્ટનાં ઉલ્લંઘનની ઉપેક્ષા કરે ? સી.ઇ.આર.સી. વિદ્યુત અધિનિયમની કલમ-૨૬ના ઘોર ઉલ્લંઘનની ઉપેક્ષા કેમ કરવામાં આવી રહી છે જે નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટરને વીજળીના વેપાર માટે પ્રતિબંધિત કરે છે ? ■




**પાર્વતીજી એક દિવસ ઢળતા બપોરે લક્ષ્મીજીને મળવા જાય છે. તેઓને પોતાને ત્યાં પધારેલા જોઈ લક્ષ્મીજીના મગજમાં મશ્કરી સૂઝે છે, મશ્કરી પણ એવી ભયંકર કે શું અંત તરફ દોરી જાય એ કલ્પી ના શકાય. કહ્યું કે, રોગનું મૂળ ખાંસી અને ઝઘડાનું મૂળ હાંસી**

**ખૂબ** જ હળવાશમાં સુખી જીવન જીવવા માટેનાં રહસ્યોનો પટારો ખોલવો છે ? અને એ માટે પાર્વતીજી અને લક્ષ્મીજીના આ સંવાદને જીવનમાં ઉતારવા જેવો છે.

એક ઢળતી બપોરે લક્ષ્મીજીને મળવા માટે પાર્વતીજી વૈકુંઠ પધારે છે. લક્ષ્મીજી એટલે તો અભિમાન. લક્ષ્મીજી એટલે દાખડો. લક્ષ્મીજી એટલે પોતે કાંઇક વિશિષ્ટ પ્રતિભા છે એવી કાયમી સભાનતા જેમના અસ્તિત્વ સાથે જોડાયેલી છે તે દેવી.

પાર્વતી એટલે શિવનાં પત્ની. શિવનાં ઘરેણાં એટલે સાપ, ત્રિશૂળ, ગળામાં ખોપરીઓની માળા, જટામાં ગંગાજી વગેરે. શિવ-વિષ્ણુ એટલે સંપત્તિ અને કર્મ પ્રમાણે નિયમન થાય તે જોનાર દેવ. શંકર રાજી થાય અને આશુતોષ રૂપ ધારણ કરે એટલે ભક્તનું કલ્યાણ કરી નાખે. પરિણામ શું આવે એની ચિંતા વગર પોતાના ભક્તને વરદાન આપી દે. આના આદર્શ ઉદાહરણો એટલે રાવણ, ભસ્માસુર અને બાણાસુર.

પાર્વતીજી પોતાના પતિની જીવન પદ્ધતિ અનુસાર પ્રમાણમાં સાદગીભર્યું જીવન જીવે પણ પતિવ્રતા એટલે એવાં કે શિવજીની કોઈ પણ પ્રકારની મશ્કરી કે એમની નીચું દેખાડતી વાત પાર્વતીજીના ક્રોધાગ્નિને ભડકાવે. ઘડીભરમાં તો બધું બળીને ભસ્મ થઈ જાય. દક્ષ પ્રજાપતિના ત્યાં શિવજીનું અપમાન થયું તેનું પરિણામ આપણે જાણીએ છીએ. આવા પાર્વતીજી એક દિવસ ઢળતા બપોરે લક્ષ્મીજીને મળવા જાય છે. તેઓને પોતાને ત્યાં પધારેલા જોઈ લક્ષ્મીજીના મગજમાં મશ્કરી સૂઝે છે. મશ્કરી પણ એવી ભયંકર કે શું અંત તરફ દોરી જાય એ કલ્પી ના શકાય. કહ્યું કે, રોગનું મૂળ ખાંસી અને ઝઘડાનું મૂળ હાંસી. દ્રૌપદીએ દુર્યોધનની હાંસી ઉડાડી એને ''આંધળાના આંધળા'' એવું કહ્યું એનું પરિણામ છેક મહાભારતના ભીષણ મહાસંગ્રામ તરફ દોરી ગયું.

પાર્વતીજીને આવકારતા લક્ષ્મીજી પૂછે છે, ''ભિક્ષુ ક્વાસ્તિ'' અર્થાત્ પેલો ભિખારી ક્યાં છે ? પણ આ વખતે પાર્વતીજી કાંઈક જુદા જ મૂડમાં હતા. એમના ચહેરા ઉપરની એક પણ રેખા ના બદલાઈ અને બિલકુલ એમણે જવાબ આપ્યો.

સંવાદ કાંઈક આ પ્રમાણે છે...

''બર્લેમખે ?'' અર્થાત્ વિચારો, બલિરાજાના યજ્ઞમાં ભીખ માગવા કોણ ગયું હતું ?

વિષ્ણુ !!!

લક્ષ્મીજી પહેલાં જ સંવાદમાં પાછા પડે છે. પણ

હાર્યો જુગારી બમણું રમે એટલે એમણે બીજો પ્રશ્ન પૂછ્યો :

‘‘પશુપતિ ?’’

અરે ! પેલો ઢોર ચારવા રાખવાવાળો.

ગોકુળમાં ગાયો કોણ ચરાવતું હતું ?

જવાબ મળે છે : ‘‘વિષ્ણુના અંશ સ્વરૂપે શ્રીકૃષ્ણ.’’

ફરી લક્ષ્મીજી ક્લીન બોલ્ડ !!!

જ્યારે માણસ પાસે દલીલો ખૂટે છે ત્યારે ક્રોધ એનો કાબૂ લઈ લે છે.

લક્ષ્મીજીએ વળી પાછો સવાલ પૂછ્યો :

‘‘મુગ્ધે પન્નગ ભૂષણઃ ?’’

‘‘અરે ગાંધી ! હું તો પેલા સાપોનાં ઘરેણાં પહેરનારની વાત કરું છું.’’

પાર્વતીજીએ જવાબ આપ્યો : ‘‘સખી સદા શેતેસ શેષોપરી.’’ અર્થાત્, બહેન, આ જેના વિશે તું તપાસ કરવા નીકળી છે, એ તો હંમેશાં શેષનાગ પર સૂઈ રહે છે.

શેષનાગ પર તો ભગવાન વિષ્ણુ શયન કરે છે !!!

આ જવાબે તો લક્ષ્મીજીના મગજમાં મોટો વિસ્ફોટ કર્યો. ગુસ્સાથી તેઓ થરથર કાંપવા લાગ્યા. હસવામાંથી ખસવું થઈ રહ્યું હતું.

પાર્વતીની હાંસી ઉડાડવા માટે જે રમત લક્ષ્મીજીએ શરૂ કરી હતી એ પાછી પડીને તેમના જ ગળે ભરાઈ.

છેવટે લક્ષ્મીજી કહે છે, ‘‘બાલે મુન્ય વિશાદમાશું.’’ અર્થાત્, ‘‘હે બેન ! તું આ ઝેરબેર પીવાવાળાને છોડી દે.’’

પાર્વતીજીએ જે જવાબ આપ્યો તે અદ્ભુત હતો. એમણે કહ્યું, ‘‘ચપલે નાહં પ્રકૃત્યા તવ.’’ અર્થાત્, બહેન, એકને છોડીને બીજે, બીજાને છોડીને ત્રીજે જવાની પ્રકૃતિ તારી છે, મારી નહીં.’’

‘‘એષઃ શૈલ સૂતા સમુદ્રતનયો, સંભાષણમ્ પાતુવહઃ’’ અર્થાત્, ‘‘પર્વતની પુત્રી એવા પાર્વતીજી અને સમુદ્રની પુત્રી એવાં લક્ષ્મી વચ્ચે થયેલો આ સંવાદ આપણું રક્ષણ કરો.’’

આ શ્લોક બોલવાથી એ રક્ષણ થઈ જાય ખરું ?

જવાબ છે, ‘ના.’ આ શ્લોકનો આશીર્વાદ તો જ સાચો પડે, જેમ પાર્વતીજીએ ગમે તેટલાં ગુસ્સે કરે તેવાં ક્લિષ્ટ વિનોદનું પણ હસતાં હસતાં તમ્મર ચઢી જાય એવાં જવાબોથી સ્વાગત કર્યું એટલે કે એવી કોઈ પણ પરિસ્થિતિ આવે કે જ્યાં તમે ગુસ્સે થઈને મગજ ગુમાવી દો ત્યારે શાંતિ રાખી યોગ્ય જવાબથી તમે તમારા પ્રતિસ્પર્ધીની દલીલનું ખંડન કરી શકો છો અને એને પરાસ્ત પણ કરી શકો છો. માટે જ મનની શાંતિ ક્યારેય ના ગુમાવશો. ■

(સૌ. દિવ્યભાસ્કર)







# ભારતને આધુનિક રાષ્ટ્ર બનાવવામાં રાજીવ ગાંધીનું યોગદાન અમૂલ્ય

**૧૯૮૬માં રાજીવ ગાંધીની પહેલથી MTNLની સ્થાપના થઈ, જેના થકી દૂરસંચાર ક્ષેત્રમાં અભૂતપૂર્વ ક્રાંતિ થઈ, જો કે આજે MTNL-BSNL વેચવાની સરકાર તૈયારી કરી રહી છે, એ જુદી વાત છે, ભારતમાં કમ્પ્યૂટર ક્રાંતિ લાવવાનું શ્રેય રાજીવ ગાંધીને જાય છે જેમાં આજે ભારત સમગ્ર વિશ્વમાં અગ્રેસર છે**

**ભારતીય** સંસ્કૃતિ અને પરંપરાને આત્મસાત્ કરનાર રાજીવ ગાંધીનો ૨૦ ઓગસ્ટે જન્મદિન હતો. રાજીવ ગાંધી ઉમદા માનવીની સાથે સાથે એક વિચારશીલ રાજનેતા તરીકે જાણીતા રહ્યા. રાજીવ ગાંધીએ દેશ-દુનિયા જોઈ હતી, એટલે જ તેમને ખબર હતી કે આ સમય ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજીનો છે. આજે સૌ કોઈ મોબાઈલ ક્રાંતિ કે ડિજિટલ ઈન્ડિયાની વાત કરે છે, તેના મૂળમાં ઈ.સ.૧૯૮૪માં રાજીવ ગાંધીએ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (સી-ડોટ)ની સ્થાપના કરી હતી અને હા, સી-ડોટના માધ્યમથી ભારતમાં દૂરસંચાર ક્રાંતિનો પાયો નંખાયો હતો.



આજે એકવીસમી સદીના ત્રીજા દાયકામાં ભલે મેટાવર્સ કે એઆઈ ટેકનોલોજીની વાત થતી હોય, પરંતુ રાજીવ ગાંધીના સમયકાળમાં ભારતે ટેકનોલોજી અપનાવવાનો નિર્ણય કર્યો ત્યારે વિરોધ પક્ષોએ જોરદાર વિરોધ કર્યો હતો, એ હકીકત છે. રાજીવ ગાંધીની 'કરની અને કથની' એકસમાન હતી, એ જ રાજીવ ગાંધીની લોકપ્રિયતાનું મૂળ કારણ હતું. રાજીવ ગાંધી સાયન્સ અને ટેકનોલોજીનો મહિમા સમજતા હતા, એટલે જ ભારતની યુવા પેઢીને ધ્યાનમાં રાખીને આધુનિક અને વૈજ્ઞાનિક અભિગમના પથ પર ભારતને આગળ લઈ જવા માટે ઉત્સુક હતા.

આજે ભલે સૌ કોઈના હાથમાં મોબાઈલ છે, પરંતુ રાજીવ ગાંધીના વડાપ્રધાન કાર્યકાળ દરમિયાન ટેલિફોનથી વાત કરવી એ એક કલ્પના જ કહેવાતી, પરંતુ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (સી-ડોટ)ની સ્થાપના બાદ રાજીવ ગાંધીની સરકારે શહેરોથી ગામ ટેલિફોનના પીસીઓ બુથની શરૂઆત કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો, જેના થકી દેશ-દુનિયામાં પોતાના સ્નેહીજનો અને પ્રિયજનો સંવાદ કરી શકતા હતા.

ત્યારબાદ ૧૯૮૬માં રાજીવ ગાંધીની પહેલથી એમટીએનએલની સ્થાપના થઈ, જેના થકી દૂરસંચાર ક્ષેત્રમાં અભૂતપૂર્વ ક્રાંતિ થઈ. જો કે આજે એમટીએનએલ-બીએસએનએલ વેચવાની સરકાર તૈયારી કરી રહી છે, એ જુદી વાત છે.

રાજીવ ગાંધી સ્પષ્ટ માનતા કે સાયન્સ એન્ડ ટેકનોલોજીની મદદ

# રાજીવ ગાંધીએ વડા પ્રધાન તરીકેના કરેલા કામોના યાદગાર અંશ

ભારત દેશે તમામ ક્ષેત્રમાં હરણફાળ ભરી છે. રાજીવ ગાંધી 'આધુનિક ભારતના નિર્માતા' હતા, એમાં કોઈ બેમત નથી.

- ૧૮ વર્ષે મતાધિકાર આપ્યો, લોકશાહીનું નવસર્જન, દેશમાં પહેલાં મતદાન કરવાની વય મર્યાદા ૨૧ વર્ષની હતી. રાજીવ ગાંધીની સરકારે ૧૯૮૯માં ૬૧માં સુધારા થકી મત (વોટ) આપવાની વયમર્યાદા ૨૧થી ઘટાડી ૧૮ વર્ષની કરી. આમ રાજીવ ગાંધીએ દેશના યુવાનોને અમૂલ્ય અધિકાર આપ્યો.
- **કોમ્પ્યૂટર ક્રાંતિ :** છેવાડાના માનવી સુધી પહોંચવા કોમ્યુનિકેશન ક્રાંતિ, મોબાઈલ ટેકનોલોજી અને કોમ્પ્યુટર ક્રાંતિ થકી ભારતને વિશ્વમાં અગ્ર હરોળમાં લાવીને મૂકી દીધું.
- **પંચાયતી રાજ વ્યવસ્થાનો પાયો નાખ્યો :** રાજીવ ગાંધી માનતા કે પંચાયતી રાજવ્યવસ્થા મજબૂત થશે નહીં, ત્યાં સુધી લોકશાહીનો લાભ ગામડાંઓને મળશે નહીં. રાજીવ ગાંધીની સરકારે પંચયતી રાજ-વ્યવસ્થાનો સંપૂર્ણ ડ્રાફ્ટ તૈયાર કર્યો. આમ, દેશમાં ત્રિ-સ્તરીય પંચાયતી રાજવ્યવસ્થાનો પાયો નાખવાનું શ્રેય રાજીવ ગાંધીને જાય છે.
- **લોકતંત્રમાં મહિલાઓની ભાગીદારી :** સ્થાનિક સ્વરાજની સંસ્થામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપી સુનિશ્ચિત કરી. જેના પરિણામે ભારત દેશમાં એક લાખ કરતા વધુ મહિલાઓ ગ્રામ પંચાયતમાં સરપંચ તરીકેની જવાબદારી સંભાળી રહી છે.
- **નવી શિક્ષણ નીતિ :** રાજીવ ગાંધીની સરકારે ૧૯૮૬માં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં જાહેરાત કરી. આ અંતર્ગત દેશભરમાં ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાનું આધુનિકીરણ અને વિસ્તરણ થયું. તેમજ દેશમાં કમ્પ્યૂટર શિક્ષણ શરૂ કરવામાં આવ્યું. વિશ્વભરમાં 'ડિસ્ટન્સ એન્ડ ઓપન એજ્યુકેશન'નો કન્સેપ્ટ પ્રચલિત હતો, ત્યારે રાજીવ ગાંધીએ અભ્યાસ કરવા ઈચ્છતાં ભારતના યુવાનોને ધ્યાનમાં રાખીને ઈન્દિરા ગાંધી




નેશનલ ઓપન યુનિવર્સિટી (ઇગ્નુ)ની સ્થાપના કરી. આજે ઈગ્નુમાં લાખો વિદ્યાર્થીઓ ઘેર બેઠાં અભ્યાસ કરી રહ્યાં છે.

- **નવોદય વિદ્યાલયનું સર્જન :** રાજીવ ગાંધીની સરકારે ગામડાં અને શહેરોના પ્રતિભાશાળી બાળકોને શ્રેષ્ઠત્તમ શિક્ષણ મળી રહે એ હેતુથી નવોદય વિદ્યાલયની સ્થાપના કરી, આ અંતર્ગત બાળકોને ધો.૬ થી ૧૨ સુધી નિઃશુલ્ક શિક્ષણ અને હોસ્ટેલમાં રહેવાની સુવિધા મળે છે. આજે હજારો ગરીબ બાળકો આઈ.આઈ.ટી. સહિતની અનેક સંસ્થામાં ઉચ્ચતમ શિક્ષણ મેળવીને ભારત નિર્માણમાં યોગદાન આપી રહ્યા છે.
- **રસીકરણ કાર્યક્રમ :** કોરોના મહામારીનો કપરો કાળ આપણે સૌએ જોયો છે. આજ પ્રકારની બીમારીઓ માટે દેશમાં ઓરી, અછબડા, શીતળા, મેલેરિયા, હિપેટાઈટિસ-બી, પોલીયો સહિતની રસી વિદેશથી મંગાવવી પડતી હતી જે મોંઘી અને વિલંબથી મળતી હતી. રાજીવ ગાંધીએ દેશના વૈજ્ઞાનિકોને રૂબરૂ બોલાવી ઉત્પાદન અને સંશોધન માટે તમામ વ્યવસ્થાપનની શરૂઆત કરાવી જેના પરિણામે આજે દેશમાં રસી (વેક્સિન)ના ઉત્પાદન ક્ષેત્રે ભારત આત્મનિર્ભર બન્યું સાથો સાથ રસીકરણ રાષ્ટ્રીય કાર્યક્રમની ઝુંબેશને પરિણામે ઓરી, અછબડા, શીતળામાંથી મુક્તિ મળી અને દેશ 'પોલીયો મુક્ત ભારત' બન્યું.



पुरा नाम --- राजीव रत्न गांधी
जन्म तिथि --- 20 अगस्त 1944
जन्म स्थान --- मुम्बई, महाराष्ट्र
मृत्यु तिथि --- 21 मई 1991
मृत्यु स्थान --- श्री पेरंबदूर, तमिलनाडु (भारत)

વિના દેશમાં ઉદ્યોગોનો વિકાસ થઈ શકશે નહીં. રૂઢીચુસ્ત માનસિકતાવાળા લોકો દ્વારા કમ્પ્યૂટરનો ખૂબ વિરોધ હોવા છતાં રાજીવ ગાંધીની સરકારે ભારતમાં સુપર કમ્પ્યૂટર અને દરેક ઓફિસમાં અને ઘેર ઘરે પહોંચાડ્યા, એટલું જ નહીં ભારતમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીના ફેલાવમાં મહત્વની ભૂમિકા નિભાવી. ભારતમાં કમ્પ્યૂટર ક્રાંતિ લાવવાનું શ્રેય રાજીવ ગાંધીને જાય છે, જેમાં આજે ભારત સમગ્ર વિશ્વમાં અગ્રેસર છે.

ભારતના પ્રથમ વડા પ્રધાન શ્રી રાજીવ ગાંધી સત્ય, પ્રેમ, કરુણાના ચાહક અને નિર્ણય લેવાની અદ્દભૂત ક્ષમતા સાથે કામ કરતા હતા. રાજીવ ગાંધી- એક શક્તિ, એક વિચારધારા, એક દષ્ટિકોણ, એક પરિવર્તન અને માનવતાનું નામ છે. રાજીવ ગાંધી વારંવાર કહેતા કે ભારતની એકતાને કાયમ રાખવા એ જ મારો ઉદ્દેશ્ય છે. ''એકવીસમી સદીના ભારતનું નિર્માણ'' કરવું એ તેમનું પ્રમુખ મિશન હતું તેમજ ભારતને હાઈ-ટેકનોલોજીથી પરિપૂર્ણ કરવાનું તેમનું લક્ષ્ય હતું, જે આજે સફળ થતું અનુભવી શકીએ છીએ.

રાજીવ ગાંધી સત્ય, પ્રેમ અને કરુણાના ચાહક રહ્યાં. તેમને જાહેર જીવનમાં માનવીય મૂલ્યોને જાળવી રાખ્યા અને ક્યારેય દેશની પ્રજાને ખોટા વચન આપ્યા નહીં, હંમેશા જનકલ્યાણને ધ્યાનમાં રાખી યોજનાઓ અને સંસ્થાઓનું નિર્માણ સાકાર પણ કર્યું, એટલે જ રાજીવ ગાંધીનું નામ આજે પણ લોકોના હૃદયમાં અંકિત થયેલું છે.

વિશ્વમાં રાજીવ ગાંધીની એક યુવા-રાજનેતા તરીકે ગણના થાય છે, જેમણે ૪૦ વર્ષની વયે દેશનું નેતૃત્વ કર્યું હોય. દેશમાં પેઢીગત પરિવર્તનના અગ્રદૂત રાજીવ ગાંધીને ભારતના ઈતિહાસમાં સૌથી મોટો જનાદેશ પ્રાપ્ત થયો. રાજીવ ગાંધી એવા રાજકીય પરિવાર સાથે સંબંધિત હતા, જેમની ચાર પેઢીઓએ સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ભારતની સેવા કરી, તેમ છતાં રાજીવ ગાંધી રાજનીતિમાં પ્રવેશ કરવા ઈચ્છતા ન હતા, પરંતુ નિયતિએ તેમને રાજનીતિમાં પ્રવેશ કરાવી જ દીધો.

૩૧, ઑક્ટોબર-૧૯૮૪ના રોજ તેમના માતાની ક્રૂર હત્યા થઈ, બાદમાં રાજીવ ગાંધીએ કોંગ્રેસનું પ્રમુખ પદ સંભાળ્યું અને દેશના વડા પ્રધાનની જવાબદારી સ્વીકારી. નવેમ્બર-૧૯૮૨માં જ્યારે ભારતને એશિયન ગેમ્સનું યજમાન પદ મળ્યું, ત્યારે સ્ટેડિયમના નિર્માણ અને અન્ય બુનિયાદી સુવિધા ઉપલબ્ધ કરાવવાની જવાબદારી રાજીવ ગાંધીને સોંપવામાં આવી હતી. રાજીવ ગાંધીએ ક્ષમતા અને સમન્વયતાથી સફળતાપૂર્વક જવાબદારી નિભાવી હતી અને ભારતની ક્ષમતાનો દુનિયાને પરિચય કરાવ્યો હતો.

રાજીવ ગાંધીના વડા પ્રધાન તરીકેના કાર્યકાળમાં ભારત અને અમેરિકાના સંબંધોમાં મહત્વપૂર્ણ સુધારાનો આરંભ કર્યો જેના કારણે આજે અમેરિકા ભારતનું મજબૂત રણનીતિક ભાગીદાર છે. આ સંબંધના બીજ રાજીવ ગાંધીએ રોપ્યા હતા.

ટૂંકમાં, એટલું જ કહેવું રહ્યું કે, ૧૯૮૭માં ૨૧મી સદીના સ્વપ્નદ્દષ્ટા રાજીવ ગાંધીની દુરંદેશી નીતિઓને ટેકનોલોજી મિશન દ્વારા સાર્વત્રિક રસીકરણ, શુદ્ધ પીવાનું પાણી, તેલિબિયા, શિક્ષણ ટેલિકોમ્યુનિકેશનના પાયાગત, માળખાકીય સગવડ-સુવિધાઓ ઊભી કરી અને આધુનિક ભારતના નિર્માણ તરફ શ્રેષ્ઠ પગલા ભર્યાં, જેના ફળ સ્વરૂપે આજે દેશના યુવાઓના હાથમાં મોબાઈલ અને મોબાઈલમાં ઈન્ટરનેટ છે, જેના થકી વિશ્વ સાથે સીધો સંવાદ સ્થાપી શકાયો છે. ભારત એક મજબૂત અને પ્રગતિશીલ રાષ્ટ્ર બન્યું છે. રાજીવ ગાંધી એક મહાન રાજનેતાની સાથે ઉમદા માનવી પણ હતા. ભારતરત્ન, યુવા વડાપ્રધાન શ્રી રાજીવજીની જન્મજયંતી નિમિત્તે દેશના કરોડો યુવાનો- ભારતીયો તેમને શત્ શત્ નમન વંદન કરે છે.

**અને છેલ્લે... ભારત વર્ષના એક મહાન વડા પ્રધાન તરીકે સદાય રાજીવ ગાંધીની ઓળખ કાયમ રહેશે.** ■


वक्रतुंड महाकाय सूर्यकोटिसमप्रभ ।
निर्विघ्नं कुरु मे देव सर्वकार्येषु सर्वदा ॥
ગણેશ ચતુર્થીની
ખૂબ ખૂબ શુભકામનાઓ...
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

Published on every 5th and 20th every month




## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ વિસ્તૃત કારોબારી બેઠક

R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.